# ગોરાટ હનુમાન મંદિરની આસપાસ પોલીસનો બંદોબસ્ત



(તસવીર : હેમંત ડેરે)

સુરત : ચુંટણીના થોડા દિવસ પહેલા જ ગોરાટ વિસ્તારમાં ભાજપના ઉમેદવારોનો વિરોધ થયો હતો. ગોરાટ વિસ્તારની સોસાયટીઓ દ્વારા વિરોધ કરાયો હોય અહી મામલો તંગ થતા મતદાનના દિવસે વહેલી સવારથી ગોરાટ વિસ્તારમાં પોલીસનો બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. પોલીસે અહી જ પહેરેદારી કરી પરિસ્થિતિ પર નજર રાખી હતી.

## પ્રાઈમ આર્કેડ પાસે ભાજપના ટેબલ પ્રચાર થતો હોવાથી કોંગ્રેસે હોબાળો કર્યો



મતદાનના દિવસે ઘણા વિસ્તારોમાં ભાજપ દ્વારા ટેબલ લગાવાયા હતા અને મતદારોને મતદાન મથક તેમજ સ્લીપ આપવાની વ્યવસ્થા ગોઠવાઈ હતી. જ્યાં કોંગ્રેસ દ્વારા જઈ જઈને ચેકીંગ કરવામાં આવી રહ્યું હતું. અડાજણમાં પ્રાઈમ આર્કેડ પાસે તેમજ રાંદેરમાં ગેલ ટાવર પાસે ભાજપ દ્વારા ટેબલ લગાવાયા હતા ત્યા કોગ્રેસ અને આપ વાળાએ ટેબલો ઉંધા કરી દીધા હતા. કોંગ્રેસ દ્વારા આક્ષેપ કરાયા હતા કે, ચુંટણીના દિવસે પણ ભાજપ કમળના નિશાન સાથેની કાપલીઓ આપી પ્રચાર કરી રહી છે. કોંગ્રેસના કાર્યકર્તાઓએ આ તમામ સ્લીપો સ્થળ પર જ ફાડી દીધી હતી. અને હવામાં ઉડાડી હતી. તો રાંદેરમાં ગેલ ટાવર પાસે આપ દ્વારા સમગ્ર વિસ્તાર કોર્ડન કરી ભાજપના ટેબલો પર ધમાલ કરી હતી જેથી પોલીસ પર સ્થળ પર આવી હતી. અને મામલો થાળે પાડ્યો હતો.

## અડાજણમાં મોબાઈલમાં આઈડી પ્રુફ હોવાના કારણે લોકોની રકજક થઇ, ચુંટણી સ્લીપ ફાડીને જતા રહ્યા

અડાજણમાં પ્રેસીડેન્સી શાળામાં લોકો મતદાન કરવા આવ્યા ત્યારે ચુંટણી પંચ દ્વારા આપવામાં આવેલી સ્લીપ લઈને વોટ કરવા ગયા હતા. જેમાં આઈડી પ્રુફ સાથે લાવાનું ઘણા ભુલી ગયા હતા અને મોબાઈલમાં આઈડી પ્રુફ બતાવવાની વાત કરતા, મોબાઈલ અંદર લઈ ન જવા દેવામાં આવતા મતદારો અને ચુંટણીમાં રોકાયેલા અધિકારીઓ સાથે રકઝક કરતા જોવા મળ્યા હતા. મોબાઈલ ન લઈ જવા દેતા ઘણા મતદારો મતદાનની સ્લીપ ફાડીને મત કર્યા વિના જ પરત ફરી ગયા હતા.

# પત્નીની લાશ લાકડાની પેટીમાં નાંખી સિમેન્ટ ભરી પતિ ભાગી છૂટ્યો

**પત્નીના** લગ્નેત્તર સંબંધોની શંકામાં પતિએ ગળું

**દબાવી** પત્નીની હત્યા કરી હોવાનું પોલીસનું તારણ

સુરતઃ સુરતના ગોડાદરા વિસ્તારમાં રહેતા એક પતિએ પોતાની પત્નીની લગ્નેત્તર સંબંધોના વહેમના કારણે હત્યા કરી હોવાની ઘટના આજથી છ દિવસ પૂર્વે એટલે કે તા. 20મીએ બની હતી. હત્યા તેના જૂના મકાન સહારા દરવાજા નજીક કાગજીની ચાલ પાછળ પતરાંવાળા મકાનમાં કરી હતી. જેથી હત્યાનો ગુનો સલાબતપુરા પોલીસ મથકમાં નોંધાયો હતો. ગળું દબાવી હત્યા કર્યા બાદ લાશને લાકડાની પેટીમાં પેક કરી તેના પર સિમેન્ટ નાખી મકાનને ઉપરથી તાળું મારી પતિ નાસી છૂટ્યો હતો. જેને પકડી પાડવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે. પોલીસ તેની નજીક પહોંચી ચૂકી છે. ટૂંક સમયમાં તેની ધરપકડ થવાની શક્યતા નકારી શકાય તેમ નથી.

છત્તીસગઢના જગદલપુર ગામે રહેતા અને દરજી કામ કરતાં 62 વર્ષીય પ્રદીપભાઈ ફકીરાભાઈ કોસ્ટાએ સલાબતપુરા પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદ મુજબ તેમની પુત્રી શિલ્પાની તેના જમાઈ વિશાલ રણછોડ સાલવીએ હત્યા કરી હતી. ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે શિલ્પાના લગ્ન તા. 29-11-2010ના રોજ વિશાલ સાથે થયા હતા. તે વખતે વિશાલ હીરાનું કામ કરતો હતો. ત્યાર પછી ત્રણેક વર્ષ બાદ તે કાંઈ કામ ધંધો કરતો ન હતો અને શિલ્પા સાથે અવારનવાર ઝઘડા કરતો હતો. સમયાંતરે અનેક વખત તેને સમજાવવાના પ્રયાસો પણ કરવામાં આવ્યા હતા. ગઈ તા, 21-4-2026ના રોજ શિલ્પાનો ફોન સ્વિચઓફ આવતા પ્રદીપભાઈએ તેમના જમાઈ વિશાલને ફોન કર્યો હતો. જેમાં શિલ્પા વિશે પૂછ્યું તો વિશાલે કહ્યું તા. 20મી એપ્રિલે મેં તેને સ્મીમેર હોસ્પિટલ નજીક, સહારા દરવાજે ઉતારી દીધી હતી ત્યાર પછી તે ઘરે આવી નથી. વાત અજુગતિ લાગતા પ્રદીપભાઈ તેમનાં પત્ની, પુત્ર અને કેટલાંક સગા સંબંધીઓ સાથે સુરત આવ્યા હતા. તપાસ કરી તો શિલ્પાની ભાળ ન મળતા આખરે ગોડાદરા પોલીસ મથકમાં તે ગુમ થયાની જાણ કરવામાં આવી હતી.

ગોડાદરા પોલીસ તપાસ કરી રહી હતી તેવામાં તા. 25-4-26ના રોજ શિલ્પાના પુત્ર આરવે પ્રદીપભાઈના સાળાના દીકરા પ્રિતેશને એક ચિઠ્ઠી વોટ્સએપ પર મોકલી હતી. જે ચિઠ્ઠી વિશાલે લખેલી હતી. જેમાં લખ્યું હતું કે હું ત્રાસી ગયો છું છતાં મેં આટલાં વર્ષો કાઢ્યાં હવે હું ગુનો કરવા મજબૂર બન્યો છું, જેથી મેં ગુનો કર્યો છે. જેના માટે મારા સિવાય કોઈ જવાબદાર નથી. જો તમારે પુરાવો જોઈતો હોય તો પહેલાં હું જ્યાં રહેતો હતો ત્યાં સહારા દરવાજા, કાગજીની ચાલ પાછળી લાકડાવાળી બિલ્ડિંગ છે તેની નજીક એક પતરાવાળું મારું મકાન છે. તેના પહેલા માળે શિલ્પાને રાખી ઉપરથી તાળું મારી દીધું છે. તમે ત્યાં જઈને જોઈ આવો. આ ચિઠ્ઠી આવતાની સાથે જ પ્રદીપભાઈએ ગોડાદરા પોલીસનો સંપર્ક કર્યો હતો. પોલીસને સાથે રાખી તપાસ કરતા લાકડાની પેટીમાંથી કોહવાઈ ગયેલી હાલતમાં મૃતદેહ મળ્યો હતો. મૃતદેહ પર સિમેન્ટ નાખ્યાનું જણાયું હતું.

આ બાબતે તપાસનીશ અધિકારી સલાબતપુરા પોલીસ મથકના પોઈ આર.એ. જાડેજાનો સંપર્ક કરતા તેમણે કહ્યું હતું કે પત્નીના લગ્નેત્તર સંબંધોની શંકાના કારણે આ હત્યા કરી હોવાનું અને ગળું દબાવી હત્યા કર્યાનું પ્રાથમિક તારણમાં સપાટી પર આવ્યું છે. હાલ પોલીસ વિશાલને પકડી પાડવાના કામે લાગી છે. ટૂંક સમયમાં તે હાથ લાગ્યા બાદ સ્થિતિ સ્પષ્ટ થશે.



# આપના ડોનિકા પટેલના ભાજપ પર આકરા પ્રહાર

**મતદાનના** દિવસે આચારસંહિતાનું પાલન ન થયું હોવાના આક્ષેપો

સુરતઃ સુરત મહાનગરપાલિકાની ચૂંટણીના જંગમાં આમ આદમી પાર્ટીના ઉમેદવાર ડોનિકા પટેલે ભાજપ સામે મોરચો માંડ્યો છે. ચૂંટણીના બે દિવસ પૂર્વે જ ડોનિકા પટેલે એક વિડીયો વાયરલ કરીને રાજકીય વાતાવરણ ગરમાવ્યું હતું, જેમાં તેમણે આરોપ લગાવ્યો હતો કે ભાજપના કાર્યકરો દ્વારા તેમને અને તેમના પરિવારને ધમકાવવામાં આવી રહ્યા છે. આ વિડીયોમાં તેમણે રડતી આંખે પોતાની સુરક્ષા અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને ભાજપ પર ગુંડાગીરીનો આક્ષેપ લગાવતા જણાવ્યું હતું કે મહિલા ઉમેદવારને નિશાન બનાવીને ડરાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. મતદાનના દિવસે પણ ડોનિકા પટેલે વિવિધ બુથો પર જઈને ભાજપની કાર્યપદ્ધતિ સામે ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો.

તેમણે મતદાન મથકોની બહાર ઊભા કરાયેલા ભાજપના ટેબલો પર પક્ષના નિશાન, ઝંડા અને છત્રીઓના પ્રદર્શન સામે સવાલો ઉઠાવ્યા હતા અને તેને આચારસંહિતાનો ભંગ ગણાવ્યો હતો. આ ઉપરાંત, તેમણે સુરક્ષા વ્યવસ્થા પર પણ પ્રહારો કરતાં આક્ષેપ કર્યો હતો કે સામાન્ય નાગરિકો માટે મતદાન મથકની અંદર મોબાઈલ લઈ જવાની સખત મનાઈ હોવા છતાં, ભાજપના કાર્યકર્તાઓ બેરોકટોક મોબાઈલ અંદર લઈ જઈ રહ્યા છે. ડોનિકા પટેલે આ મામલે સ્થળ પર હાજર અધિકારીઓ સાથે ઉગ્ર દલીલો કરી હતી અને લોકશાહીના પર્વમાં સત્તાધારી પક્ષ દ્વારા વહીવટી તંત્રના દુરુપયોગના ગંભીર આરોપો લગાવ્યા હતા.

# કિડનીના દર્દીએ એમ્બ્યુલન્સમાં કાપોદ્રા પહોંચી મતદાન કર્યું



સુરતઃ લોકશાહીના પર્વ વચ્ચે શહેરના હીરાબાગ વિસ્તારમાંથી એક પ્રેરણાદાયી કિસ્સો સામે આવ્યો છે, જેમાં ગંભીર બિમારી હોવા છતાં એક દર્દીએ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી સમાજને સશક્ત સંદેશ આપ્યો છે.

હીરાબાગ વિસ્તારના ઈન્દિરા નગરમાં રહેતા ૪૬ વર્ષીય ઉમેશભાઈ મિશ્રા કિડનીની ગંભીર બીમારીને કારણે છેલ્લા કેટલાક દિવસોથી પી.પી સવાણી હોસ્પિટલમાં સારવાર હેઠળ દાખલ છે.

તબીબી સ્થિતિ ગંભીર હોવા છતાં, તેઓએ લોકશાહી પ્રત્યેની પોતાની જવાબદારી નિભાવવાનો નિશ્ચય કર્યો હતો. રવિવારે સવારે ઉમેશભાઈએ હોસ્પિટલ મેનેજમેન્ટ અને તબીબી સ્ટાફ સમક્ષ મતદાન કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. ત્યારબાદ હોસ્પિટલ સંચાલન દ્વારા તાત્કાલિક તમામ તબીબી વિભાગો સાથે ચર્ચા કરીને જરૂરી વ્યવસ્થા કરવામાં આવી હતી. ડોક્ટરની સુપર સ્પેશિયાલિસ્ટ ટીમની દેખરેખ હેઠળ હોસ્પિટલની એમ્બ્યુલન્સ દ્વારા તેમને વોર્ડ નં.૪ના બૂથ નંબર ૨૪ સુધી લઈ જવામાં આવ્યા હતા. મતદાન મથકે પહોંચી ઉમેશભાઈએ પોતાનો કીમતી મત આપ્યો હતો.

ત્યારબાદ તેમને ફરી એમ્બ્યુલન્સ દ્વારા હોસ્પિટલમાં પરત લાવવામાં આવ્યા હતા, જ્યાં તબીબોની દેખરેખ હેઠળ તેમની સારવાર ચાલુ રાખવામાં આવી હતી. હોસ્પિટલના સંચાલક વિપુલભાઈ તળાવિયાએ જણાવ્યું હતું કે, દર્દી ઉમેશભાઈ મિશ્રાએ મતદાન કર્યા બાદ ખુશી વ્યક્ત કરી હતી અને હોસ્પિટલ મેનેજમેન્ટ તથા તબીબી સ્ટાફનો આભાર માન્યો હતો.



## એક જ પરિવારના 51 સભ્યનું ઢોલ સાથે મતદાન

સુરતઃ શહેરના વોર્ડ નંબર 11 (અડાજણ-ગોરાટ) માં આવેલી સીમાનગર સોસાયટી વિભાગ- 2 માં 51 સભ્યોનો પરિવાર એકસાથે મતદાન કરવા પહોંચ્યા હતા. સીમાનગર-2 માં એક જ પ્લોટમાં આ પરિવારના 4 ઘર છે. આ પરિવારમાં ફર્સ્ટ ટાઇમ વોટરથી લઈ વૃદ્ધો પણ હતા. તેઓએ સવારે એકસાથે મતદાન કરવા જવાનું નક્કી કર્યુ હતું. ગોરાટ હનુમાન મંદિરની પાછળ આવેલી રાયન ઈન્ટરનેશનલ શાળામાં આ 51 સભ્ય ઢોલ-નગારા સાથે વાજતે ગાજતે મતદાન કરવા પહોંચ્યા હતા. જેને લઈ લોકોમાં પણ કુતુહલ સર્જાયું હતું.

## લોકસભામાં ચુંટણી ના થઇ, આ વખતે મતદારયાદીમાં નામ નિકળી ગયું



પ્રથમવારના મતદારોમાં મતદાન માટેનો અનોખો ઉત્સાહ હોય છે. પરંતુ વારંવાર તેમને મતાધિકાર ન મળતા તેઓ નિરાશ થતા હોય છે. પાલનપુરની વિદ્યાકુંજ શાળામાં મતાધિકારનો ઉપયોગ કરવા આવેલા યુવા મતદાર હર્ષ ઠાકોરની આ વખતની ચુંટણીમાં મતદારયાદીમાં નામ ન આવતા તેઓ નારાજ થયા હતા. તેઓએ જણાવ્યું હતું કે, લોકસભાની ચુંટણી વખતે તેઓને પ્રથમવાર મતદાન કરવાનો લ્હાવો હતો પરંતુ સુરતમાં બિનહરીફ જ વિજેતા થઈ જતા તેઓને મતાધિકારીનો ઉપયોગ ન મળ્યો હતો. આ વર્ષે સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીમાં તેઓ મતદાન કરવા પહોંચ્યા પરંતુ મતદારયાદીમાં તેમનું નામ જ ન હોવાથી તેઓ વોટીંગ કરવા વિના જ જવાનો વારો આવ્યો હતો.

## વોર્ડ નંબર ૯ ના યશ પટેલ પીઠીના રંગમાં મતદાન કરવા પહોંચ્યા



સુરતઃ રવિવારે શહેરમાં વિવિધ વિસ્તારોમાં લોકો લગ્નપ્રસંગમાં વ્યસ્ત રહ્યા હતા અને સાથે સાથે મતદાન કરવા પણ પહોંચ્યા હતા. શહેરના વોર્ડ નંબર ૯ (રાંદેર-જહાંગીરાબાદ-પાલનપુર)માં મતદાર યશ પટેલની પીઠીની વિધિ હતી. તે પીઠીની વિધિ પતાવી તેઓ તરત જ મતદાન કરવા પહોંચ્યા હતા. અડાજણની શાળા શાંતિનિકેતન વિદ્યાવિહારમાં તેઓ મતદાન કરવા પહોંચ્યા હતા.

## સ્વામિનારાયણ ગુરુકુળના સંતોએ સામૂહિક મતદાન કર્યું

સુરતઃ સુરત મહાનગરપાલિકાની ચૂંટણીમાં લોકશાહીના પર્વને વધુ પવિત્ર બનાવતાં દૃશ્યો વેડ રોડ વિસ્તારમાં જોવા મળ્યાં હતાં, જ્યાં સામાન્ય નાગરિકોની સાથે સંતોએ પણ મતાધિકારનો ઉપયોગ કરી પોતાની રાષ્ટ્ર પ્રત્યેની ફરજ અદા કરી હતી. વેડ રોડ સ્થિત સ્વામિનારાયણ ગુરુકુળના સંતોએ મતદાન મથક પર જઈ, સામાન્ય જનતાની જેમ જ લાઈનમાં ઊભા રહીને શિસ્તબદ્ધ રીતે મતદાન કર્યું હતું. આ પ્રસંગે મતદાન કરનારા પ્રભુ સ્વામીએ અત્યંત પ્રેરણાદાયી સંદેશ આપતા જણાવ્યું હતું કે, જે દેશમાં આપણે રહીએ છીએ અને જે ધરતીનું અન્ન ખાઈને આપણે મોટા થયા છીએ, તેના પ્રશાસનિક મૂલ્યોને અનુસરવા એ આપણી પવિત્ર ફરજ છે.



## સેબાના 'હાલો પ્રોપર્ટી' શોમાં ત્રણ દિવસમાં 4 લાખથી વધારે લોકોએ મુલાકાત લીધી

સુરતઃ સુરત ઈસ્ટ બિલ્ડર એસોસિએશન (સેબા) દ્વારા આયોજિત 'હાલો પ્રોપર્ટી શો-2026'ને શહેરમાં નોંધપાત્ર પ્રતિસાદ મળ્યો છે. ત્રણ દિવસ ચાલેલા આ પ્રોપર્ટી એક્સપોમાં 4 લાખથી વધુ લોકોએ મુલાકાત લીધી હતી, વિવિધ કેટેગરીની પ્રોપર્ટીની લિડ જનરેટ થઈ છે. એક્સપોમાં રેસિડેન્ટ પ્રોપર્ટી, કોમર્શિયલ પ્લોટ, ઘર, બંગ્લો તેમજ રોકાણ માટેના પ્લોટ જેવા વિવિધ વિકલ્પો રજૂ કરાયા હતા. શહેરના બિલ્ડર્સ અને ડેવલપર્સે પોતાના પ્રોજેક્ટ્સ રજૂ કરતા ખરીદદારોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. ખાસ કરીને મધ્યમ વર્ગ અને રોકાણકારોમાં પ્રોપર્ટી ખરીદી માટે સકારાત્મક માહોલ રહ્યો હતો. એક્સપોના અંતિમ દિવસે મુખ્ય મહેમાન તરીકે ક્રેડાઈના ચેરમેન સંજય માંગુકિયા, પ્રેસિડેન્ટ જીજ્ઞેશ પટેલ, ઉદ્યોગપતિ મુકેશ પટેલ, રાજહંસ ગ્રુપના જયેશ દેસાઈ, ચેમ્બરના પ્રમુખ નિખિલ મદ્રાસી, આર્કિટેક્ટ એસોસિએશનના પ્રમુખ વિજય ચૌહાણ, તેમજ અભિનેત્રી જાનકી બોડીવાલા ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનો દ્વારા રિયલ એસ્ટેટ સેક્ટરના વિકાસ અને શહેરના ઇન્ફ્રાસ્ટ્રક્ચર પર ભાર મુકાયો હતો. સેબાના પ્રમુખ શ્રેયાંસ સવાણીએ જણાવ્યું હતું કે, એક્સપોમાં અમારી અપેક્ષા કરતાં પણ વધુ સફળ રહ્યો છે. મોટી સંખ્યામાં લોકોના પ્રતિસાદસાથે વિવિધ પ્રોપર્ટીની લીડ જનરેટ થઈ છે. જે સુરતના રિયલ એસ્ટેટ માર્કેટ માટે સકારાત્મક સંકેત છે.'

# ફર્સ્ટ ટાઇમ વોટર દિશા દુગ્ગડ કહ્યું, 'ફાઈવ ડે વર્કિંગ' કલ્ચર લાવો

80 મનોદિવ્યાંગ શીરીને મતદાન કરી લોકશાહીનું પર્વ ઉજવ્યું



સુરતઃ પ્રથમ વખત મતદાન કરનારા યુવાનોમાં વિકાસ અને રોજગાર મુદ્દે સ્પષ્ટ દ્રષ્ટિકોણ જોવા મળ્યો હતો. સોફ્ટવેર એન્જિનિયર દિશા દુગ્ગડ જેવા યુવા મતદારોએ આઈટી સેક્ટરના વિકાસ અને 'ફાઈવ ડે વર્કિંગ' કલ્ચર જેવી પોલિસીઓની અપેક્ષા સાથે વોટ આપ્યો હતો.

ઘોડદોડ રોડ પરથી લોકશાહીના પર્વની એક પ્રેરણાદાયી તસવીર સામે આવી છે. જેમાં 80 ટકા મનોદિવ્યાંગ યુવતી શિરીન આકર્ષણનું કેન્દ્ર બની હતી. શિરીનને જન્મજાત રીતે માનસિક મર્યાદાઓ હોવા છતાં તેને રાજકારણમાં ઊંડો રસ છે અને તે દેશની ગતિવિધિઓથી માહિતગાર રહે છે. પોતાની દીકરીના આ રસ અને ઉત્સાહને જાળવી રાખવા માટે તેની માતા ખાસ તેને મતદાન કેન્દ્ર પર લાવ્યા હતા અને શિરીને મતાધિકારનો ઉપયોગ કરીને અન્ય નાગરિકો માટે એક અનોખું ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

## કતારગામમાં લીગામેનટ્ની સર્જરીના ચાર જ દિવસ જ થયા હોવા છતાં મહિલાનું મતદાન



સુરતના કતારગામની ધનરાજ સોસાયટીમાં રહેતા રેખાબેને માત્ર ચાર દિવસ પહેલાં જ લીગામેન્ટની સર્જરી કરાવી હોવા છતાં પોતાનો પવિત્ર મતાધિકાર બજાવવા ગજેરા સ્કૂલ ખાતે પહોંચ્યા હતા. શારીરિક પીડા અને સર્જરીના ટૂંકા ગાળા છતાં, તેઓ વોકરના સહારે મક્કમ ડગલે મતદાન મથક પર પહોંચતા ત્યાં હાજર અન્ય મતદારો અને વહીવટી તંત્ર પણ તેમની આ હિંમત જોઈ અચંબિત થઈ ગયું હતું.

## ત્રણ પેઢીનું એકસાથે મતાદન



સુરતઃ સોનીફળિયા- નાનપુરા- અઠવા પીપલોદ વોર્ડમાં ભાજપની તરફેણમાં એક તરફી ચૂંટણીનો માહોલ જોવા મળ્યો હતો. કોંગ્રેસ અને આપનું આ વોર્ડમાં કોઈ ખાસ અસંગઠન અને સંસાધનો ન હોવાથી તેઓ સંઘર્ષ કરતાં જોવા મળ્યા હતા. તળ સુરતના મતદાન મથકો પર સવારથી જ ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો, જેમાં ઘોડદોડ રોડ સ્થિત સેન્ટ ઝેવિયર્સ શાળાના મતદાન મથકે ૭૭ વર્ષીય દાદા અને તેમના ૧૯ વર્ષીય પૌત્રએ સાથે મળીને મતદાન કરી જાગૃત્ત યુવા તરીકે સૌને પ્રેરણા આપી હતી. મતદાન દિવસની સવારે ૭૭ વર્ષીય દાદાને લઇ ૧૯ વર્ષીય પૌત્રએ પ્રથમ વખત મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. દાદા પવનભાઈ પાટનીએ કહ્યું કે, હું મારા દીકરા-વહુ અને પ્રથમવાર મતદાન કરનાર પૌત્ર સાથે સહપરિવાર લોકશાહીના પર્વમાં સહભાગી થવા આવ્યો છું. મને આનંદ છે કે તમામ ચૂંટણીમાં મારો પરિવાર મત આપવામાં અગ્રેસર રહે છે. આ તકે તેમના પૌત્ર ક્રિશ્ન પાટનીએ કહ્યું કે મારા પરિવારે મને પ્રથમ વખત મતદાન કરવા ખૂબ પ્રોત્સાહન આપ્યું અને સમગ્ર પરિવાર સાથે પહેલા મતદાનનો અનુભવ યાદગાર બની રહ્યો. હવે હું આવનારી તમામ ચૂંટણીઓમાં અચૂક મતદાન કરીશ અને અન્ય યુવાનો, વડીલો સહિત તમામ મતદાતાઓને પણ અવશ્ય મત આપવા આગ્રહ કરીશ.

## લોકસભાની ચૂંટણીમાં લોકોનો મતાધિકાર છીનવનાર નિલેશ કુંભાણી મતદાન કરવા આવતા ટ્રોલ



લોકસભાની ચૂંટણીમાં નિલેશ કુંભાણીએ ઉમેદવારી પોતાનું ફોર્મ રદ્દ કરાવ્યું હતું. આ કારણે સુરતના 25 લાખ કરતાં વધારે મતદારો મત આપી શક્યા ન હતા. ત્યારે આજે સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં નિલેશ કુંભાણીએ મતદાન કર્યું હતું, જેના પર સોશિયલ મીડિયામાં ભારે ટીપ્પણી જોવા મળી હતી.

## પહેલું મતદાન કરનાર ધાનાણી નેન્સીએ કહ્યું, મત આપશો તેની પાસે આશા રાખીએ

ચૂંટણીમાં પહેલી વખત મતદાન કરનારા ઝેન-જી મતદારોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. ધાનાણી નેન્સીએ વોર્ડ નંબર સાતમાં પોતાનું પહેલું મતદાન નોંધાવ્યું, જેને લઇને તેને ગર્વની લાગણી અનુભવી અને તેણે જણાવ્યું કે અમે જે સરકારને મત આપશો તેની પાસે આશા રાખું કે રોડ રસ્તા અને વિકાસના કાર્યો કરતા રહે.

## કેન્સરની પીડા અને નાકમાં નળી હોવા છતાં રતિભાઈએ મતદાન કર્યું



લોકશાહીના પર્વમાં જ્યારે સામાન્ય લોકો પણ ક્યારેક આળસ કરી જતા હોય છે, ત્યારે વોર્ડ નંબર 17 ના રહેવાસી રતિભાઈ માંગરોળીયાએ પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડ્યું છે. ગંભીર કેન્સરની બીમારીથી પીડાતા અને શ્વાસ લેવા તેમજ ખોરાક માટે નાકમાં નળી (રાઈલ્સ ટ્યુબ) હોવા છતાં, રતિભાઈ અત્યંત ઉત્સાહભેર મતદાન મથકે પહોંચ્યા હતા. શારીરિક અશક્તિ અને અસહ્ય વેદનાને બાજુ પર મૂકીને તેમણે પોતાનો પવિત્ર મતાધિકાર ઉપયોગ કર્યો હતો, જે જોઈને ત્યાં હાજર અન્ય મતદારો અને ચૂંટણી સ્ટાફ પણ ભાવવિભોર થયો હતો.

## પરંપરાગત વસ્ત્રોમાં મતદારો સજ્જ થઈને મતદાન મથકે પહોંચ્યા

સુરતના કતારગામ વિસ્તારમાં લોકશાહીના મહાપર્વ નિમિત્તે એક પ્રેરણાદાયી દ્રશ્ય જોવા મળ્યું હતું, જ્યાં દોમડીયા પરિવારના 30 જેટલા સભ્યો એકસાથે મતદાન કરવા માટે ઉમટી પડ્યા હતા. આ પરિવારમાં મતદાન પ્રત્યે એટલો જોરદાર ઉત્સાહ જોવા મળ્યો હતો કે જાણે તેઓ કોઈ લગ્ન પ્રસંગમાં જઈ રહ્યા હોય તેમ પરંપરાગત વસ્ત્રોમાં સજ્જ થઈને મતદાન મથકે પહોંચ્યા હતા. લોકશાહીના આ પર્વને કોઈ સામાજિક ઉત્સવની જેમ ઉજવીને આ પરિવારે સાબિત કર્યું કે મતાધિકારનો ઉપયોગ એ માત્ર જવાબદારી નહીં, પરંતુ ગૌરવની ક્ષણ છે. તેમની આ અનોખી પહેલ સમગ્ર વિસ્તારમાં આકર્ષણનું કેન્દ્ર બની હતી.

## પાટીદાર સગીરા છેડતીની ઘટના બની તે વોર્ડ-29માં મહિલાઓના મતદાને ચોંકાવ્યા

સુરતના વોર્ડ નંબર 29માં પાટીદાર સમાજની દીકરી સાથે થયેલી છેડતીની ઘટનાના પડઘા વચ્ચે આજે વહેલી સવારથી જ મતદારોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને અલથાણ વિસ્તારના મતદાન મથકો પર લોકો કોઈપણ પ્રકારના ભય વિના લોકશાહીના પર્વને ઉજવવા ઉમટી પડ્યા હતા. આ વિસ્તારમાં છેડતીની ઘટનાની નહિવત અસર જોવા મળી છે અને લોકોએ એકજૂથ થઈને મતદાન પ્રક્રિયામાં ભાગ લીધો છે. મહિલાઓએ પણ મોટી સંખ્યામાં ઘરની બહાર નીકળી મક્કમતાપૂર્વક પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. આ વોર્ડમાં કુલ મતદારો પૈકી 52 ટકા પુરૂષો એ જયારે 47 ટકા મહિલાઓએ મતદાન કર્યું હતું.

## કિન્નર સમાજના લોકોએ ઉત્સાહ સાથે મતદાન કર્યું

મેં મારી ફરજ નિભાવી, શું તમે મતદાન કર્યું? કિન્નર સમાજે પણ મતદાન કરી લોકોને મતદાન કરવા અપીલ કરી છે. દરેક નાગરિકની ફરજ છે મતદાનથી બાકી છે તેઓ વહેલી તકે મતદાન કરો. કિન્નર સમાજ પણ દેશનો અહમ ભાગ છે. કિન્નર સમાજે મતદાન કરી સેલ્ફી લઈ લોકશાહી પર્વની ઉજવણી કરી હતી. મહાનગરપાલિકામાં જે જીતીને આવે તે સ્થાનિક સમસ્યાઓનો ઉકેલ લાવશે તેવી આશા છે.

## હું નારાજ છું છતાં વોટ આપીશ... પણ છેલ્લી વાર! ... નહીંતર આવતી વખતે નોટા!

આજે મતદાન દરમિયાન કેટલાક વડીલો મતદાન માટે જરૂરી ડોક્યુમેન્ટ્સ બાબતે મૂંઝવણ અનુભવતા દેખાયા, તો એક વડીલ દંપતિએ પોતાની હૈયાવરાળ ઠાલવી દીધી. એમનું કહેવું હતું કે 'અમે છેલ્લા સાડા ચાર દાયકાથી નિયમિતપણે મત આપીએ છીએ. શહેરમાં વિકાસના જે કામો થઇ રહ્યા છે, એનો લાંબા ગાળે લાભ મળશે, એ સમજીએ જ છીએ. પરંતુ રસ્તાઓની જે હાલત છે, એનાથી હવે ત્રાસ થાય છે અને શરીરના હાડકા ખોખરા થઇ રહ્યા છે. વડીલે પોતાના મનની વાત રજૂ કરતા કહ્યું કે 'મારી ઉંમર જોતાં હું હજી બે-ત્રણ વખત મત આપી શકીશ. પણ આ વખતે હું છેલ્લી વાર કોઈ પાર્ટીને મત આપી રહ્યો છું. જો સમસ્યાઓનું સમાધાન નહિ થાય તો આવતી વખતથી 'નોટા'ને મત આપીશ!'

## 'જો આંધળા માણસને દેખાવા લાગે તો સૌથી પહેલાં એ લાકડીને ફેંકી દે છે' : મહેશ સવાણીની પોસ્ટથી ચર્ચા

આપના પૂર્વ નેતા મહેશ સવાણીની તાજેતરની ફેસબુક પોસ્ટને લીધે ગરમાવો જોવા મળી રહ્યો છે. મહેશ સવાણીએ પોતાની પોસ્ટમાં લખ્યું છે કે, જો આંધળા માણસને દેખાવા લાગે તો સૌથી પહેલાં એ લાકડીને ફેંકી દે છે, જેણે હંમેશા એ માણસને સાથ આપ્યો છે....! સમાજમાં પણ કંઈક આવું જ હોય છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના માહોલ વચ્ચે સવાણીનું આ રહસ્યમય નિવેદન કોની તરફ ઈશારો કરી રહ્યું છે તેને લઈને અનેક તર્ક-વિતર્ક વહેતા થયા છે. ખાસ કરીને પાટીદાર સમાજમાં આ પોસ્ટની જોરશોરથી ચર્ચા ચાલી રહી છે, જ્યાં લોકો આડકતરી રીતે કોઈ ચોક્કસ નેતા કે જૂથ પર નિશાન સાધવામાં આવ્યું હોવાનું માની રહ્યા છે. ચૂંટણી સમયે જ કૃતજ્ઞતા અને સાથ છોડવા અંગેની આ ટિપ્પણીએ રાજકીય ગણિતોમાં નવા વળાંકના સંકેતો આપ્યા છે.